સંગીત સર્કલ પાસેના કોર્નર નજીક પાણીનો ભારે વેડફાટ

સેક્ટરની કમ્પાઉન્ડ વોલને અડીને જ પાણી લીક થતા રહેણાંક વિસ્તાર સહીત માર્ગો પર પાણીના ખાબોચિયા ઉભરાય છે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં આકરા ઉનાળે પાણીની પોકાર ઉઠતી રહે છે. જયારે છેલ્લા કેટલાક સમયથી શહેરમાં પાણીની નવી લાઇન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે લાઇનમાં ભંગાણ થવાના લીધે પણ પાણીની સમસ્યા સર્જાય છે. જયારે ઉનાળામાં પાણીનો વપરાશ વધવાની સાથે શહેરમાં પાણીનો બગાડ પણ વિશેષ થઇ રહ્યો હોવાના દ્રશ્યો સ્થાનિકો માટે રોષનુ કારણ બન્યા છે. શહેરના ગ માર્ગ પર સ્થિત સંગીત સર્કલ પાસે છેલ્લા એક સપ્તાહથી પાણીનો વેડફાટ થતા સ્થાનિકોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. એકબાજુ નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદ વચ્ચે પાણીનો બગાડ થતા તંત્રએ લીકેજીસ કે બગાડને ડામવા યોગ્ય પગલા લેવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં એકબાજુ આકાર ઉનાળે પાણીનો વપરાશ વધ્યો છે. જયારે તંત્ર દ્વારા પ્રતિદિન ૬૦ થી ૬૫ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવતુ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આમછતા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાની પોકાર ઉઠતી રહે છે. આકરી ગરમીમાં પાણીનો ઉપયોગ વધી જાય છે. જયારે ગાંધીનગરમાં આમ પણ માથાદીઠ વધુ પાણી વપરાતુ હોવાનુ સર્વેના અંત સ્પષ્ટ થયુ છે. ત્યારે શહેરમાં પાણીના વપરાશ સાથે પાણીનો બગાડ પણ ચિંતાનો વિષય છે. સેકટરોમાં હાલ સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે ઠેર ઠેર પાણીની નવી લાઇન નાંખવા માટે ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે પાણીની નવી લાઇન નાંખવા માટે હાથ ધરાયેલી ખોદકામ દરમિયાન વિવિધ ઠેકાણે લાઇનમાં ભંગાણ થતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. જેના લીધે સેકટરોમાં પાણી પુરવઠો પ્રભાવિત થાય છે. અલબત્ત સેકટરોમાં કારમી ગરમી દિવસોમાં પાણી બંધ થઇ ગયુ હોવાના પણ કિસ્સા સ્થાનિકો માટે રોષનુ કારણ બન્યા છે. જયારે નવી લાઇન નાંખવાની કામગીરીના લીધે વિજ પ્રવાહ પણ ખોરવાઇ જતો હોવાની પણ અનેકવાર ફરિયાદો ઉઠે છે. પરંતુ પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી આડેધડ ખોદકામ ચાલુ છે. આવા સંજોગોમાં પાણીની લાઇનમાં પણ ભંગાણ થતા અનેકવાર હજારો લીટર પાણીનો વેડફાટ થાય છે. નગરની સરકારી કચેરીઓ અને રહેણાંક વિસ્તારમાં પાણીનો બગાડ હજુ અટકાવી શકાયો નથી જયારે બીજીતરફ આ સ્થિતિ વચ્ચે માર્ગ વચાળે લાઇનો તુટવાના લીધે પણ રહેણાંક વિસ્તાર અને માર્ગો પર પાણી ફરી વળે છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી આ મુજબની ફરિયાદો વધી

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં વધુ એક શૈક્ષણિક સંકુલ કોરોનામાં સપડાયું

એનઆઈડીમાં બે દિવસમાં ૭ કેસ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ પાંચ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સતત ચોથા દિવસે કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં સતત કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્ર પણ હવે એલર્ટ મોડમાં આવી ગયુ છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં આજે પાંચ કેસ નોંધાયા છે. આ પાંચેય કેસ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈનમાં નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં નવા કેસોમાંથી મોટા ભાગના કેસો શૈક્ષણિક સંકુલો જેવા કે જી.એન.એલ.યુ., આઈઆઈટી, એફ.એસ.એસ.યુનિ. કેમ્પસ બાદ હવે એન.આઈ.ડી.માંથી કેસો મળવાના શરૂ થતાં તંત્ર ચોંક્યુ છે.

છેલ્લા બે દિવસમાં જ આ કેમ્પસમાંથી ૭ કેસ કોરોનાના મળી આવ્યા છે. અગાઉ પણ અહિયાંથી કેસો મળ્યા હતા.

તંત્રએ આજે સંકુલમાં તેની ટીમો ઉતારી દીધી હતી અને સંકુલને કન્ટેનમેન્ટ એરિયા ઘોષિત કરી સર્વેલન્સ તેમજ ટેસ્ટીંગની કામગીરી હાથ ધરી છે.

તંત્રે આજે ૩૦૦થી વધુ એન્ટીજન અને આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટેના નમુના લીધા છે.

મળતી વિગતો મુજબ આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રે આખા સંકુલમાં સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. આજે નોંધાયેલા દર્દીઓમાં ૪ વિદ્યાર્થીની અને એક વિદ્યાર્થી છે.

શહેરમાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેથી તંત્ર પણ એલર્ટ મોડમાં કામગીરી કરી રહેલ છે. શહેરમાં હવે એક્ટીવ કેસોની સંખ્યા વધી ૨૧ને પાર કરી ગઈ છે. હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા પણ કડક તાકીદ કરવામાં આવી છે.

પાણી-ગટર વેરાના બાકીદારોના ડેટા ટુંક સમયમાં તૈયાર કરાશે

નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરાશે : વસુલાત ઝુંબેશના અંતે નબળુ ચિત્ર માંડ ૪૦ ટકા જ વેરો ચુકવાયો : બાકીદારોની યાદી તૈયાર થયા બાદ આગામી દિવસોમાં હવે નોટીસ અપાશે

ગાંધીનગર તા ૨૬

શહેરમાં પાણી ગટર વેરા વસુલાત ક્ષેત્રે અત્યાર સુધી માંડ ૪૦ ટકા જ કામગીરી થઇ છે. જયારે પાણી ગટરના બાકીદારોનો ડેટા હજુ તૈયાર થયો નથી જેના લીધે હજુ સુધી બાકીદારોની સંખ્યાનો પણ તાગ મળ્યો નથી જો કે આગામી સપ્તાહમાં આ કામગીરી પુર્ણ કરી દેવાયા બાદ પાણી ગટર વેરો નહીં ચુકવનારની સંખ્યા અને યાદી તંત્રને ઉપલબ્ધ થશે જેના અંતે આગામી ઓગષ્ટ મહીનામાં વેરો નહીં ભરનારને નોટીસ આપવાનુ અભિયાન હાથ ધરવામાં આવશે. પાણી ગટર વેરા ક્ષેત્રે તંત્રના ચોપડે જુના બાકી માંગણાનો આંકડો પણ મોટો છે.

ગાંધીનગરાઓ સમગ્ર દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ કરે છે. જયારે શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે પણ પ્રતિદિન ગરમીના દિવસોમાં અંદાજિત ૬૦ થી ૬૫ એમ એલ ડી જેટલો પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. આમછતા હજુ સેકટરોમાં પાણીની જુની લાઇનના લીધે પોકાર ઉઠતી રહે છે. પરંતુ સરકાર નગરજનોની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. જયારે હાલ પાણી ગટરની માળખાગત સુવિધાનુ વધુ સ્માર્ટ બનાવવા તેમજ હાલ શહેરના સેકટરોની વસતી અને વિકાસને ધ્યાનમાં રાખી નવિનીકરણ પણ કરવામાં આવી રહ્યુ છે. હાલ સેકટરોમાં ઠેર ઠેર પાઇપલાઇન નાંખવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. બીજીતરફ પાણી ગટરની લાઇન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થઇ રહ્યો છે. પરંતુ ગાંધીનગરાઓ પાણી ગટરના નજીવા વેરાની ચુકવણીમાં પણ ભારે ઉદાસીન હોવાનુ સ્પષ્ટ થયુ છે. ગત માર્ચ મહીનામાં હાથ ધરાયેલી ઝુંબેશના અંતે તંત્રએ માંડ ૪૦ ટકા જ વસુલાત કરી છે. અલબત્ત અન્ય બાકીદારોને વેરો ચુકવાયો નથી. જેમાં અંદાજિત ૨.૨૫ કરોડના માંગણા સામે માંડ ૪૦ ટકા જ વસુલાત આવતા તંત્રના ચોપડે બાકીદારોનુ ભારણ વધ્યુ છે. પાણી ગટર વેરાના મામલે અગાઉના બાકીદારોની યાદી પણ મોટી છે. અલબત્ત વર્ષો જુનુ બાકી માંગણુ પણ હજુ વસુલવાનુ થાય તેમ છે. ત્યારે દર વર્ષે માર્ચ મહીનામાં વળતરના લાભ સાથે હાથ ધરવામાં આવતી પાણી ગટર વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ નાગરિકો વેરો ચુકવવા ઉત્સાહી જણાંતા ન હોવાનુ સ્પષ્ટ થયુ છે. હાલ તંત્ર કક્ષાએથી પાણી ગટર વેરાના જોડાણકર્તાઓનો ડેટા તૈયાર થઇ રહ્યો છે. જેના અંતે વેરો નહીં ચુકવનારની સંખ્યા અગર યાદી તૈયાર થઇ જશે ત્યારબાદ પાણી ગટર વેરાના બાકીદારોને આગામી ઓગષ્ટ મહીનામાં નોટીસ આપવામાં આવશે. એકબાજુ પાણી ગટર વેરા વસુલાતની કામગીરી કોર્પોરેશનને સોંપી દેવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જો કે વર્ષોના અંતે પણ વેરાની ચુકવણીની પ્રક્રીયા ઓનલાઇન

● અનુસંધાન પાન-૭ પર

ગટરનું પાણી ઉભરાઈને રેલાયા બાદ ભુવો પડતાં ગાડી ફસાઈ ગઈ!

મનપાની કચેરીના પાછળના ભાગમાં જ આ ઘટના બની : ગાડી એટલી ખરાબ રીતે ફસાઈ ગઈ હતી કે તેનો એક ભાગ બે ફૂટ જેટલો ઉંચો થઈ ગયો...

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં હજુ ચોમાસુ આવ્યુ નથી પણ ગટરનું પાણી ઉભરાઈને બહાર આવતાં જ ભુવો પડ્યો અને ગાડી ફસાઈ ગઈ.

માન્યામાં ન આવે તેવી વાત જરૂર છે પણ હકીકત છે. ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાવવાની ફરિયાદો વધી છે તેનો તંત્ર પણ હવે સ્વીકાર કરી રહેલ છે. તે વાત ગાંધીનગર મનપાની કચેરીના બિલ્ડીંગ મહાનગર સેવા સદનની પાછળના ભાગમાં ગટરના પાણી ઉભરાઈને બહાર મેદાનમાં રેલાઈ રહ્યા છે.

આજે બપોરના સુમારે એક ગાડી આ પાણી રેલાતા પડી ગયેલા ભુવામાં ખુબ જ ખરાબ રીતે ફસાઈ ગઈ હતી. ગાડી બહાર કાઢવાનો પ્રયાસ કરાતાં ગાડી અંદર ખુપી ગઈ અને એક બાજુથી ઊંચી થઈ ગઈ.

વાહનમાલિકે મદદ માંગી મનપાના તંત્ર પાસે અને તેમના સારા સંબંધોને પગલે ૭ થી ૮ માણસોની ટીમ ત્યાં આવી પહોંચી હતી. પણ ગાડી એટલી ખરાબ રીતે ફસાઈ હતી કે તેમણે પહેલા તો ગાડી સરખી કરવાના પ્રયાસો કરી સફળતા મેળવી. આ પછી પાણીમાં ઉતરી ગાડી કાઢવા માટે રેતીના મોટા મોટા ઢેફા લાવી અને ગોઠવ્યા જેથી ગાડી કાઢતાં પગ ના ફસાય.

આખરે ગાડી જે નીચે ઉતરી ગઈ હતી તેને બોનેટના ભાગેથી ઉંચી કરી અને પછી ધક્કો મારી પાણીની બહાર કાઢી હતી. આ પછી વાહનમાલિકના જીવે શાંતિ અનુભવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

વરસાદી પાણીને વહી જતુ અટકાવવા કેન્દ્રીય ગૃહમંત્રીની સૂચનાને પગલે તંત્ર કામે લાગ્યુ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં વરસાદી પાણીને નદીમાં વહી જતુ અટકાવવા માટેની યોજના વિગતવાર તૈયાર કરી અને રજુ કરવા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમીત શાહે આપેલી સૂચના પછી મનપાનુ તંત્ર આ દિશામાં કામે લાગ્યુ છે.

ગાંધીનગર જિલ્લો ઓવર એક્સપ્લોઈટેશન કેટેગરીમાં આવે છે અને આ વખતે કેન્દ્ર સરકારે પણ ''કેચ ધ રેઈન'' મિશન અંતર્ગત જળ સંચયના કામોને અગ્રતા આપી છે. જિલ્લામાં અટલ જલ મિશનને પણ અમલી બનાવવામાં આવેલ છે ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રીની તાજેતરની આ સૂચનાને પગલે મનપા તંત્ર દ્વારા આ અંગે એક સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ પછી જળ સંચય માટે શું શું થઈ શકે તેમ છે તેના પર આખી યોજના તૈયાર કરવામાં આવનાર છે. આ સંદર્ભે આગામી સપ્તાહે એક બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યાનું મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં જળસંચય માટે અત્યાર સુધીમાં ૭૦ જેટલા રિચાર્જ વેલ બનાવવામાં આવ્યા છે. આ વર્ષે વધુ ૫૦ રિચાર્જ વેલ બનાવવાનું આયોજન બજેટ વેળાએ જ જણાવવામાં આવ્યુ હતુ. આ અંગેના ટેન્ડરો જારી કરી દેવાયા હોવાનું પણ જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમંથી ૩૦ ટકા જેટલુ પાણી નદીમાં વહી જતુ જણાયુ છે તેમજ ૧૦ ટકા જેટલુ પાણી જમીન પોતે ચુસી લેતી હોય છે અને ૧૦ ટકા જેટલુ પાણી રિચાર્જ વેલની મદદથી ભૂતળમાં ઉતરતુ હોય છે.

ગાંધીનગર જિલ્લો રેતાળ વિસ્તાર છે તેમજ અહિ પાણી બહુ ભૂગર્ભમાં ઉતરતુ નથી તેવી વાતો પણ છે.

નવા રિચાર્જ વેલ શહેરની વધેલી હદ તેમજ જુના વિસ્તારોમાં બનશે જ્યાં પાણી ભરાઈ રહેવાની ઘટનાઓ વધુ સામે આવી રહી

● અનુસંધાન પાન-૭ પર

સે. ૧ ના તળાવમાં ૬ હજાર કરોડ લીટર પાણી ભરાય છે

ગાંધીનગર શહેરમાં આવેલ સે. ૧ના તળાવમાં ૬ હજાર કરોડ લીટર પાણી ભરાય છે અને તે જમીનમાં ઉતરે તે માટે તેની નીચે તળિયુ નથી બનાવવામાં આવ્યું.

સંત સરોવરથી પણ ગાંધીનગરમાં રિચાર્જીંગ થાય છે

ગાંધીનગર શહેરમાં સરિતાઉદ્યાન નજીક બનાવવામાં આવેલ સંત સરોવર પણ ગાંધીનગરમાં રિચાર્જીંગ કરવાની કામગીરી કરી રહેલ છે.

ગત ચોમાસામાં વરસાદની ૨૧ ટકા ઘટ રહી હતી અને સંત સરોવરમાં પણ પાણીની આવક થઈ ન હતી જે નોંધનીય છે.

રાજ્યમાં સુજલામ સુફલામનો આરંભ ગાંધીનગરથી થયો હતો

રાજ્યમાં આ વર્ષે સુજલામ સુફલામ અભિયાનનો પ્રારંભ ગાંધીનગર શહેરમાંથી થયો હતો. રાજ્યવ્યાપી આ અભિયાનનો આરંભ જી.આઈ.ડી.સી.ની પાછળ કોલવડા પાસેના વડિયા તળાવને ઊંડુ કરવાની કામગીરીનો આરંભ મુખ્યમંત્રીએ કરાવ્યો હતો.

ગાંધીનગર શહેરમાં જળસંચયની કામગીરીને વધુ અસરકારક બનાવવા તંત્રએ પહેલેથી જ આ કામગીરીનું આયોજન કર્યુ છે.

શહેરમાં છ તળાવોને ઊંડા કરવાની વાત વિચારાધીન છે

ગાંધીનગર શહેરની હદ વધતાં સે. ૧ના તળાવ ઉપરાંત ૧૮ ગામોમાં ૮૯ જેટલા તળાવ આવેલા છે. મળતા નિર્દેશો મુજબ તંત્ર આ વર્ષે ૬ ગામના તળાવ ઊંડા કરવાનું વિચારી રહેલ છે. જેમાં ખોરજ, ઝુંડાલ, કુડાસણ, સુઘડ, સરગાસણ અને ભાટના તળાવનો સમાવેશ થાય છે. આ માટે બહુ ટૂંકમાં જ નિર્ણય લેવામાં આવશે.

ઉનાળાની કાળઝાળ ગરમીથી રાહત મેળવવા માટે પાણીનો વપરાશ ખુબ વધ્યો છે. મનુષ્યોની સાથોસાથ પશુ-પંખીઓ પણ પાણીના ઉપયોગ દ્વારા રાહત મેળવી રહ્યા છે. અબોલ પશુ-પંખીઓ માટે ઠેર ઠેર મુકવામાં આવેલા પાણીના કુંડામાંથી પશુ-પંખીઓ પાણી પી રહ્યા છે અને ગરમીથી રાહત મેળવી રહ્યા છે.

ગાંધીનગર-માણસા માર્ગ ફોરલેન કરવા માટે ટુંકમાં કામ હાથ ધરવામાં આવશે

રાંધેજા અને રાંધેજાથી બાલવા રૂટનો પણ સમાવેશ : આ કાર્યયોજના પાછળ તબક્કાવાર કામ હાથ ધરાશે : અંદાજિત રૂ ૯૦ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં ક્વોરી ઉદ્યોગ અને કોન્ટ્રાકટરોની હડતાળના લીધે છેલ્લા ઘણાં સમયથી અનેકવિધ કામો ઠપ્પ થઈ ગયા હતા જયારે હવે આ કામગીરીને ટુંકમાં જ વેગ મળશે હડતાળના અંતે જિલ્લામાં વિવિધ માર્ગોની સુધારણા અને વાઈડનીંગના કામ અન્વયેની યોજનાઓ આગળ વધશે જે અન્વયે ગાંધીનગર માણસા માર્ગને પણ ફોરલેન કરવામાં આવશે જેમાં ગાંધીનગર માણસા રૂટમાં રાંધેજા અને રાંધેજાથી બાલવા સુધીના કામને મંજુરી આપી દેવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં વિવિધ માર્ગોની સુધારણાનુ કામ હવે તબક્કાવાર હાથ ધરવામાં આવશે ક્વોરી ઉદ્યોગ તેમજ કોન્ટ્રાકટરોની હડતાળના અંત બાદ હવે માર્ગ સુધારણાના કામો પણ તેજ ગતિએ હાથ ધરવામાં આવશે. ગાંધીનગરમાં અન્ય સેન્ટરને જોડતા વિવિધ માર્ગો પર પણ ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. જયારે સમય જતા આ માર્ગોને અપગ્રેડ કરવા અનિવાર્ય બન્યા છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા ગાંધીનગરથી માણસા માર્ગને ફોરલેન કરવા માટે આયોજન કરી દેવાયુ છે. જયારે ગાંધીનગરથી રાંધેજા સુધીના કામને પણ મંજુરી આપી દેવામાં આવી છે. આ ઉપરાંત રાંધેજાથી બાલવા માર્ગના અપગ્રેડેશન માટે પણ અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ કરાશે. વિભાગના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ગાંધીનગરથી માણસાને જોડતા મુખ્યમાર્ગને ફોરલેન કરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૯૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જયારે આ કાર્યયોજના અન્વયે તબક્કાવાર કામ હાથ ધરવામાં આવશે જેમાં ગાંધીનગરથી રાંધેજા ,રાંધેજાથી બાલવા અને બાલવાથી માણસા માર્ગનુ કામ હાથ ધરાશે. રાંધેજાથી બાલવા અને સુધી ૮ કીમીના માર્ગ અને બાલવા થી માણસા સુધીનો માર્ગ ૮.૨ કીમી લંબાઈનો છે. જયારે ગાંધીનગરથી રાંધેજાના ૨ કી મીના માર્ગની પણ કામગીરી હાથ ધરાશે જો કે માર્ગ સુધારણાની કામગીરી અગાઉ હાથ ધરવામાં આવી હતી હરિયાળીની કટોતી સહીત કોન્ટ્રાકટરોની હડતાળ સહીતના પ્રશ્નોના લીધે કામ આગળ વધી શક્યુ ન હતુ. જો કે હવે આ કામ શરૂ કરવા માટે આયોજન કરી દેવાયુ છે. જેમાં ગાંધીનગરથી રાંધેજા અને બાલવા સુધીના માર્ગને ફોરલેન કરવાનુ કામ હાથ ધરાશે. આ માર્ગ પર છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે જેના લીધે વારંવાર માર્ગ સલામતીને લગતા પ્રશ્નો પણ ઉભા થાય છે જયારે અકસ્માતની દ્રષ્ટીએ પણ જોખમી સ્થિતિ સર્જાય છે. આવા સંજોગોમાં માર્ગ પર ટ્રાફિકની અવરજવર વધુ સરળ અને સલામત બને તે માટે માર્ગ સુધારણાની યોજના આગળ વધારવા માટે નિર્ણય લેવાયો છે. અગાઉ મુખ્યમંત્રીને પણ આ મામલે સ્થાનિક આગેવાનો દ્વારા રજુઆત કરવામાં આવી હતી જેના અંતે હવે આ માર્ગ બાલવાથી માણસા સુધીના માર્ગને ફોરલેન કરવા માટે દરખાસ્ત પણ કરી દેવામાં આવી હતી.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com